Extra No. 453

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, JULY 28, 2026 / SRAVANA 6, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઈ, ૨૦૨૬

થરા નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે બેઠકોની (અનામત બેઠકો સહિત) વારાફરતી ફાળવણી અંગેનો આદેશ, ૨૦૨૬

વંચાણમાં લીધા:

(૧) રાજ્ય ચૂંટણી આયોગનો આખરી આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-થરા -યુનિટ-૨ -૨૦૧૬, તા. ૧૬-૦૫-૨૦૧૬

(૨) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪

(૩) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૧૫

(૪) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No 17 Of 2023)

(૫) મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ KV 166 of 2024/UDUHD/mwd/e-file/18/2024/3057/M: Dt. 17/08/2024

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-થરા -યુનિટ-૫-૦૭૨૦૨૬:- ૧. ભારતના બંધારણના અનુચ્છેદ 243-K અને 243-ZA ની જોગવાઈ મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા અને તેના ઉપર દેખરેખ, માર્ગદર્શન તથા નિયંત્રણ અને ચૂંટણી સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ-૬ની પેટા-કલમ ૪; મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ હેઠળની જોગવાઈઓ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાઓ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા. ૧૧-૧૨-૨૦૧૪ ની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણ (૧) ના તા. ૧૬-૦૫-૨૦૧૬ના આખરી આદેશથી થરા નગરપાલિકાની વોર્ડ રચના કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ (આ વર્ગોની સ્ત્રીઓ સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત તથા બિનઅનામત સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. જે આધારે વર્ષ -૨૦૧૬ અને ૨૦૨૧ માં થરા _નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

૨. વંચાણે લીધા (૩) ના સુધારા નિયમોથી મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ માં નિયમ-૫ નવો મૂકવામાં આવેલ છે. જે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગની બેઠકો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ ૬ અને કલમ ૭ મુજબ નકકી કરવાની થતી બેઠકો એકી સંખ્યામાં આવતી તો હોય તેવી બેઠકો માટે જે તે કેટેગરીની મહિલા અનામત બેઠકો માટે લગભગ ૫૦ ટકા બેઠકો ફાળવી શકાય નહિ. તેથી, એકી સંખ્યામાં નકકી થતી હોય તેવી બેઠકો પૈકી (એકી સંખ્યામાં રહેલ) બેઠક જે તે કેટેગરી માટે નકકી કરી પ્રથમ ચૂંટણી કરવાની અને તે એક બેઠક હવે પછીની સામાન્ય ચૂંટણીમાં જે તે કેટેગરીની મહિલા માટે અનામત રાખવી એવી જોગવાઈ કરવામાં આવેલ છે.

અનામત બેઠકોની સંખ્યા એકી સંખ્યામાં આવતી ન હોઈ વંચાણ લીધેલ અ.નં.(૧)ના રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૬-૦૫-૨૦૧૬ના આખરી આદેશની અનુસૂચિ-૨ મુજબ વર્ષ- ૨૦૨૧માં ચૂંટણી યોજવામાં આવેલ.

૩. વંચાણે લીધા (૪) ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No. 17 of 2023) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. વંચાણે લીધા (૫) ના મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫ થી મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ નો નિયમ-૭ બદલી નવો મૂકવામાં આવેલ છે. નવા નિયમ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો તથા સ્ત્રીઓની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી શક્ય હોય ત્યાં સુધી દર પાંચ વર્ષે એક સામાન્ય ચૂંટણી પછી બીજી સામાન્ય ચૂંટણી થાય ત્યારે કરવાની થાય છે.

૫. વંચાણે લીધા (૬) ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૧૭/૦૮/૨૦૨૪ ના જાહેરનામાથી થરા નગરપાલિકા માટે ૬ વોર્ડ અને ૨૪ બેઠકો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૦૨ બેઠકો તે પૈકી ૧ (એક) બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત; અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠકો ફાળવેલ નથી અને પછાતવર્ગની ૦૬ બેઠકો તે પૈકી ૦૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે. કુલ સ્ત્રી અનામત બેઠકોની સંખ્યા ૧૨ છે.

૬. ભારતના બંધારણના અનુચ્છેદ-243-ZA; ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૭; મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪; મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૧૫ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) નિયમો, ૨૦૨૫ ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા. ૧૧-૧૨-૨૦૧૪ ની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણે લીધા (૧) વાળા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૬-૦૫-૨૦૧૬ આદેશની અનુસૂચિ-૨માં સુધારી કરી, થરા નગરપાલિકાની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણી માટે આ આદેશ સાથેની અનુસૂચિ-૨માં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત સામાન્ય બેઠકો નકકી કરી બેઠકો ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ આદેશ કરે છે.

વંચાણ (૧) પરના રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૬-૦૫-૨૦૧૬ ના આખરી આદેશની સીમાંકનને લગતી અન્ય વિગતો યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

એન. કે. ડામોર,

સચિવ.

ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ-રાચઆ-ચટણ-સમક-નપા-થરા-યુનિટ-૫-૦૭૨૦૨૬,

તા.૨૮/૦૭/૨૦૨૬નું બિડાણ.

અનુસૂચિ-૨

થરા નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૮૦૬૦		
કુલ વોર્ડની સંખ્યા	૬		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૦૧૦	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૩૩૧૧
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૨૭૦૯
બેઠકોની સંખ્યા	૨૪		
કુલ સ્ત્રી બેઠકો	૧૨		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી ૦ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૬	તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૧૬		
સામાન્ય બેઠકો	૮		

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૨૮૭૬	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૨૭૪૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૨૮૧૧	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૨૭૧	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૩૨૦૬	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૧૫૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
	કુલ	**૧૮૦૬૦**				

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

એન. કે. ડામોર,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.31 19:01:32 IST